# ઈશ્વર તીવ્ર તાલાવેલી રહેલા સાધકને કોઈ પણ પરિસ્થિતિમાં દૂર કરતા નથી !

(સંદર્ભ : પાનું ૯ - તીવ્ર તાલાવેલી હોય, ...)



## પ.પૂ. ડૉ. આઠવલેજીનો સંદેશ

**તીવ્ર તાલાવેલી હોય, તો આશ્રમમાંથી ઘરે મોકલી આપવામાં આવ્યા હોય તો પણ ઈશ્વર સહાયતા કરશે જ !**

'ઈશ્વર તીવ્ર તાલાવેલી રહેલા સાધકને કોઈ પણ પરિસ્થિતિમાં દૂર કરતા નથી. આશ્રમમાં ૧૦૦ સાધકોમાંથી જો કોઈ એકનું અયોગ્ય વર્તન હોય જેનાથી બાકીના ૯૯ સાધકોને તકલીફ થતી હોય, તો તે એક સાધકને આશ્રમમાંથી મોકલી દેવું ઉચિત છે. પરંતુ એ સાધકમાં ઈશ્વરપ્રાપ્તિની તીવ્ર તાલાવેલી હોય, તો એ ક્યાંય પણ જશે, એને માર્ગદર્શન મળે જ છે; ઈશ્વર એ સાધકને ક્યારે પણ પોતાનાથી દૂર થવા દેતા નથી. આશ્રમમાં એનું વર્તન કેવું પણ હોય, તો પણ ઈશ્વરને એ પ્રિય જ હોય છે; કારણ કે એનામાં ઈશ્વરપ્રાપ્તિની તાલાવેલી હોય છે. સાધનામાં તાલાવેલીનું મહત્ત્વ ૮૦ ટકા હોય છે. બીજાઓને ફક્ત એનું અયોગ્ય વર્તન દેખાય છે; પરંતુ એની તાલાવેલી દેખાતી નથી. એવા સાધકોને ઘરે મોકલી આપવામાં આવ્યા હોય તો પણ ઈશ્વર એમની પ્રગતિનું ધ્યાન રાખે જ છે. એમને સૂક્ષ્મમાં માર્ગદર્શન મળે છે અથવા અન્ય દેહધારી સંત એમનું માર્ગદર્શન કરે છે.'

**- પ.પૂ. ડૉ. જયંત આઠવલે (ચૈત્ર વદ ત્રીજ)** 卐

**આધ્યાત્મિક દૃષ્ટિએ ભાવ અને અહં ઓછો હોવાનું મહત્ત્વ**

'ભાવજાગૃતિને કારણે મનની ધારણા સાત્ત્વિક બને છે. મનની ધારણા સાત્ત્વિક બનવાનો અર્થ છે સકારાત્મકતા નિર્માણ થવી. કૃતજ્ઞતાના માધ્યમ દ્વારા (અર્થાત્ અહં ઓછો હોવાથી) બુદ્ધિ સાત્ત્વિક બને છે. બુદ્ધિ સાત્ત્વિક બનવાનો અર્થ છે, હંમેશાં શીખવાની ભૂમિકામાં અર્થાત્ બીજાની વાત સાંભળવાની સ્થિતિમાં રહી શકવું,'- એક વિજ્ઞાન (સૌ. અંજલી ગાડગીળના માધ્યમ દ્વારા, ફાલ્ગુન સુદ ત્રીજ, કળિયુગ વર્ષ ૫૧૦૯ (૧૯.૩.૨૦૦૮, બપોરે ૧૨.૦૬) **('એનાથી સ્પષ્ટ થશે કે સનાતનના બધા સાધકોને, ખાસ કરીને પ્રસારના સાધકોને વ્યષ્ટિ સાધના પર ધ્યાન આપવા માટે શું કામ કહેવામાં આવે છે.' - પ.પૂ. ડૉ. આઠવલે)** 卐

**ભૂલો બતાવતી વખતે નીચેનો દૃષ્ટિકોણ રાખો !**

'સ્વભાવદોષ સત્સંગમાં ભૂલો બતાવતી વખતે, એની પાછળનું કારણ અને ઉપાય વગેરેના સંદર્ભમાં ચર્ચા કરવી આવશ્યક છે. તે પછી જ આ મુદ્દો પૂરો થયો એમ સમજવું.

**ફક્ત સમસ્યા ન બતાવીને એના પર ઉપાય પણ સૂચવો !**

આજકાલ જિલ્લાના સાધકો જિલ્લાની સમસ્યાઓ પ્રસારસેવક અથવા માર્ગદર્શક સેવકોને કહે છે. એને માટે શું ઉપાય કરવા જોઈએ, એ નથી સૂચવતા. આ વિશે પૂછીએ ત્યારે કહે છે, 'પ્રસારસેવકને કહી દીધું છે'. જિલ્લાથી દૂર રહેનારા પ્રસારસેવકોને જિલ્લાની સ્થાનિક પરિસ્થિતિ વિશે પૂરું જ્ઞાન ન હોવાને કારણે સમસ્યાઓનો તરત ઉકેલ નથી આવતો. સમસ્યાઓ કહેતી વખતે જો તેનો ઉકેલ લાવવા માટે એક-બે ઉપાય પણ કહેવામાં આવે, તો સમસ્યાઓનો ઉકેલ લાવવામાં મદદ મળશે. આ સંદર્ભમાં સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ જે. આર. ડી. ટાટાનો દાખલો આપણા માટે માર્ગદર્શક છે. એમના કાર્યાલયની બહાર એક પાટિયું લગાડવામાં આવ્યું હતું જેની પર લખેલું - 'Don't bring problems to me, bring solutions !' (અર્થ : મારી પાસે સમસ્યાઓ લઈને ન આવો; પરંતુ એ સમસ્યાનો ઉપાય લઈને આવો.)

**સમસ્યા એ જ સમયે બતાવો !**

સન્ ૨૦૦૩માં શુદ્ધિકરણ અભિયાનને સમયે સાધકોએ અનેક જૂની સમસ્યાઓ બતાવી હતી. તે પછી સાધકો પાસેથી સમયસર જ ભૂલો બતાડવી અપેક્ષિત હતું; પરંતુ સનાતનના દેવદ આશ્રમમાં આયોજિત અખિલ ભારતીય શિબિરને સમયે સાધકોએ જવાબદાર સાધકોના સંદર્ભમાં ૨-૩ વર્ષ જૂની ઘટનાઓ કહી. કાળ અનુસાર કેટલીક વાતો બદલાય છે. જૂના સંદર્ભો માટે કોઈ સ્થાન રહેતું નથી. વર્તમાન સ્થિતિ સમજવી આવશ્યક છે. બધાને જ ખબર છે કે સાધના કરવાથી એક ધાડપાડું વાલ્મીકિ ઋષિ બની ગયા. એવા સમયે 'પહેલાં તેઓ આવા કેમ હતાં ?' એવું પૂછવું બિલકુલ ખોટું છે. એવી રીતે જ જૂની ઘટનાઓના સંદર્ભમાં પણ છે. પહેલાં ડૉ. વિરેન્દ્ર તાવડેમાં અનેક દોષ હતા; પરંતુ એમનામાં પરિવર્તન થયું અને હવે તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિના મહારાષ્ટ્ર રાજ્ય હિંદુ સંગઠનકર્તા છે. માટે સાધકોએ કેવળ પાછલા ત્રણ મહિનાની સમસ્યાઓ કહેવી. જો કોઈ જૂની સમસ્યા રજૂ કરે, તો એને પૂછવું કે, 'પહેલાં કેમ નહીં કહી ?' - **પ.પૂ. ડૉ. જયંત આઠવલે.** 卐

# બાળસંસ્કારવર્ગમાં આવનારા બાળકોમાં સકારાત્મક બદલના પરિણામ સ્વરૂપ સત્સંગ શરૂ થવા



**પ. પૂ. ડૉક્ટરજીએ આપણને સત્સંગ, દૈનિક, સાપ્તાહિક, ગ્રંથ પ્રદર્શન, ધર્મસભા...વગેરે અનેક માધ્યમો અધ્યાત્મપ્રસાર કરવા માટે પ્રદાન કર્યાં છે. એમાં 'બાળસંસ્કારવર્ગ' ઉપક્રમના માધ્યમ દ્વારા પણ અધ્યાત્મપ્રસાર કરવા માટે તક આપી છે. પરંતુ કેટલાક કેંદ્રોમાં આ ઉપક્રમ કાર્યાન્વિત કરવા માટે સાધકોના પ્રયાસ ખૂબ જ ઓછાં થઈ રહ્યા છે. આ પ્રયાસો થાય, એ માટે આ ઉપક્રમનું મહત્ત્વ તથા બાળસંસ્કારવર્ગોને કારણે થનારા વ્યષ્ટિ અને સમષ્ટિ લાભ આ લેખમાં પ્રસ્તુત છે.**

સંકલનકર્તા - કુ. ગાયત્રી બુટ્ટે, બાળસંસ્કારવર્ગ પ્રમુખ, ગોવા.

### બાળસંસ્કારવર્ગનું મહત્ત્વ

જો આપણે વર્તમાન શિક્ષણ-પદ્ધતિનો અભ્યાસ કરીએ, તો આપણને એની ભયાનકતા સમજાશે. વર્તમાનમાં માતૃભાષા અને રાષ્ટ્રભાષામાં શિક્ષણ પ્રદાન કરનારી શાળાઓની સંખ્યા ખૂબ જ ઓછી છે. જ્યારે અંગ્રેજી માધ્યમથી શિક્ષણ પ્રદાન કરનારી પાઠશાળાઓની સંખ્યા ઝડપથી વધતી જ જઈ રહી છે. આ અંગ્રેજી શાળાઓમાં બાળકોને ઈસાઈ ધર્મની જ શિક્ષા આપવામાં આવે છે. કેટલીક શાળાઓમાં હિંદુ છોકરીઓને કંકુ લગાડવું, બંગડીઓ પહેરવી, જેવી હિંદુ ધર્મમાં બતાવવામાં આવેલી વાતો પર મનાઈ કરવામાં આવે છે. ઈસાઈઓના આધિપત્યમાં રહેનારી અંગ્રેજી શાળાઓમાં બાળકોને ઈસુને પ્રાર્થના કરવાનું શીખવાડવામાં આવે છે. એના ફળસ્વરૂપ હિંદુ બાળકોમાં સ્વભાષા અભિમાન અને ધર્માભિમાન ઓછો થતો જાય છે. એમનું વલણ આપણી ભારતીય સંસ્કૃતિ તરફ હોવાને બદલે પશ્ચિમી સંસ્કૃતિ તરફ વધારે થતું હોય એમ દેખાઈ આવે છે.

આપણી સરકાર ધર્મનિરપેક્ષ છે, માટે હિંદુઓને શાળાઓમાં એમના ધર્મનું શિક્ષણ આપવામાં આવતું નથી. 'ગ્રામીણ ભાગની કેટલીક શાળાઓમાં નૈતિક મૂલ્યો પર વ્યાખ્યાન આપવા માટે અનુમતિ પ્રદાન કરો', એવું કહેવાથી ત્યાંના મુખ્યાધ્યાપક કહે છે, 'જો તમારા વ્યાખ્યાનમાં હિંદુ ધર્મને વિશે કાંઈ પણ આવતું હોય, તો તમને પ્રવચન આપવાની અનુમતિ આપવામાં આવશે નહીં; કારણ કે અમારી શાળામાં ૨-૪ બાળકો મુસલમાન અને ઈસાઈ છે.'

**(ક્યાં ૨-૪ મુસલમાન અને ઈસાઈ બાળકોને માટે બહુસંખ્યક હિંદુઓની શાળાઓમાં હિંદુ ધર્મની જાણકારી આપવાની અનુમતિ ન આપનારી શાળા અને ક્યાં બહુસંખ્યક હિંદુઓ હોય તો પણ સરળતાથી ઈસાઈ પંથની સંસ્કૃતિ આચરણ કરવાને વિવશ કરનારી મુસલમાનોની/ઈસાઈઓની શાળાઓ ! -સંકલક)**

### ધર્મ વિશેની ઉદાસીનતા

અમે એક ગ્રામીણ ભાગમાં પ્રસાર માટે જતા હતા. ત્યાં સત્સંગ સાથે જ બાળસંસ્કારવર્ગ શરૂ કર્યો. તે વખતે ત્યાં



બાળસંસ્કારવર્ગ : આજની આવશ્યકતા !

કેટલાક હિંદુ બાળકોને આપણા દેવતાઓનાં નામ પણ ખબર નહોતા. માટે ગણપતિને લાલ ફૂલ અને દૂર્વા શા માટે ચડાવાય છે ?; શિવજીને સફેદ ફૂલ અને બીલીપત્ર શા માટે ચડાવાય છે ?, એ વિશેનું શાસ્ત્ર કહેવાને બદલે એ બાળકોને 'દેવતાઓનાં નામો શું છે, એમને શું શું ચડાવવામાં આવે છે', એ ભાગ પહેલાં જ કહેવું પડ્યું. કેટલાક બાળકોને નારદમૂનિ કોણ છે, એ પણ ખબર નહોતી. ધર્મની બાબતે સમાજમાં એટલી ઉદાસીનતા જોવા મળે છે. એ માટે એમાં પરિવર્તન કરવા માટે બાળસંસ્કારવર્ગ શરૂ કરવા જ આપણી જવાબદારી છે.

### હિંદુઓમાં ધર્મભિમાનના અભાવના દાખલા

શાળાઓમાં બાળકોને ખોટો ઈતિહાસ શીખવાડીને સર્વધર્મસમભાવ અને સહિષ્ણુતા શીખવાડવામાં આવે છે. હિંદુઓના બાળકોને ન તો શાળાઓમાં પોતાના ધર્મનું શિક્ષણ મળે છે અને ન તો એમના વાલીઓ એમને હિંદુ ધર્મનું મહત્ત્વ કહે છે. એનાથી ઊલટું ઈસાઈ અને મુસલમાન બાળકોને ચર્ચ અને મદરેસાઓમાંથી પોતાના ધર્મનું શિક્ષણ આપવામાં આવે છે. આ કારણે આ બાળકોનો ધર્મભિમાન પણ જાગૃત થાય છે. એના અનેક દાખલા આપણે સનાતન પ્રભાતમાં વાંચીએ છીએ.

અ. મુસલમાન બાળકો પોતાની ટોપી ગર્વથી પહેરે છે. એનાથી ઊલટું પાછલા શિબિરમાં અમને શું અનુભવ થયો ? શિબિરમાં આવનારી છોકરીઓનું સ્વાગત કરવા માટે જ્યારે અમે એમને કંકુ લગાડી રહ્યા હતાં, એ સમયે છોકરીઓ મોઢું બગાડી રહી હતી. એમને કંકુ લગાડવામાં તુચ્છતા અનુભવ થઈ રહી હતી. જો આવી જ સ્થિતિ આપણા સાધકોના બાળકોની છે, તો સમાજના બાળકોની સ્થિતિની કલ્પના ન કરો, તો સારું છે.

આ. એક મુસલમાન છોકરો પોતાની શાળાના હિંદુ મિત્રોની સાથે એમના ઘરે જન્મદિન પર ગયો હતો. એ સમયે એણે પૂછ્યું અહીં નજદીકમાં મસ્જિદ ક્યાં છે ? જ્યારે એના મિત્રોએ કહ્યું કે, અહીં આ વસ્તીમાં મસ્જિદ નથી, તો એણે કહ્યું, અહીં પણ મસ્જિદ હોવી જોઈએ.

### બાળસંસ્કારવર્ગની સેવા કરતી વખતે થયેલી અનુભૂતિ

**બાળકોની તત્પરતાને કારણે નવા ગામમાં જઈને ત્યાં પણ સત્સંગ શરૂ થવો :** હું લક્ષ્મીવાડી ગામમાં એકલી જ પ્રસાર કરવા માટે ગઈ હતી. મારી પાસે એક કલાક બાકી હતો. મને સમજમાં નહોતું આવતું કે આ સમય હું કેવી રીતે વ્યતીત કરું. મને અંગફલક અને ટોપી પહેરેલી જોઈને ત્યાં રમતા બાળકો મારી આજુબાજુ જમા થઈ ગયા. મેં એમને ટૂંકમાં કહ્યું, હું તમને લોકોને ભગવાનની જાણકારી અને વાર્તા કહેવાની છું. શું તમે તમારી માતાને આ સાંભળવાને અહીં બોલાવશો ? તરત જ એ બાળકોએ 'હા' પાડી. દરેકે પોતપોતાની માતાને બોલાવ્યા. કપડાનું ફલક દોરીથી બાંધ્યું. ચાદર બિછાવી. ખુરસી લાવીને એના પર ભગવાનનું ચિત્ર મૂક્યું. ઉદબત્તી સળગાવી, શ્રીગણેશજીની આરતી કરી. આ રીતે ત્યાં સત્સંગ શરૂ થયો. એક નવા અપરિચિત ગામમાં ફક્ત બાળકો દ્વારા કરવામાં આવેલી કૃતિથી ફક્ત ૫-૧૦ મિનિટોમાં નવું સત્સંગ શરૂ થયું. 卐